

ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થતાં પર્યાયમાં સ્વ-પરનું જ્ઞાન પ્રગટ્યું ત્યારે પરનું જાણવું થયું તે સ્વ જ છે એટલે કે રાગ સંબંધીનું જ્ઞાન થયું તે રાગના લઈને થયું છે કે તે રાગનું જ્ઞાન છે તેમ નથી પણ જ્ઞાનનું જ જ્ઞાન છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૭
સં. ૨૦૫૩
[૬૪૧] * આત્મધર્મ * [અંક-૯
વર્ષ-૫૩]
વીર સં. ૨૫૨૩
માર્ચ-૧૯૯૭

નાઈરોબીનિવાસી શ્રીમતિ રળિયાતબેન રાયચંદભાઈ દેવનભાઈ શાહ દ્વારા
આયોજિત

## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૦૮મો

# * જન્મજયન્તી-મહોત્સવ *

[તા. ૧-૫-૯૭ થી તા. ૮-૫-૯૭]

અતિ હર્ષોલ્લાસ સહ જણાવવાનું કે આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૦૮મો મંગલ 'જન્મજયંતી મહોત્સવ' સોનગઢમાં ઉજવવાનું અષ્ટાહ્નિક વિશાળ આયોજન નાઈરોબીનિવાસી શ્રીમતિ રળિયાતબેન રાયચંદભાઈ શાહ તેમ જ શ્રીમાન રાયચંદભાઈ દેવનભાઈ શાહ (નાઈરોબી મુમુક્ષુમંડળના ટ્રસ્ટી) તરફથી નિશ્ચિત થયું છે.

તદ્‌નુસાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીની આગામી ૧૦૮મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧-૫-૯૭, ગુરુવારથી તા. ૮-૫-૯૭, ગુરુવાર આઠ દિવસ સુધી 'શ્રી સોલહકારણ-ભાવના-મંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીના વિડિયો-ઑડિયો ટેપપ્રવચન, દેવગુરુભક્તિ, પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની વિડિયો-ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ, વિદ્વત્-શાસ્ત્રપ્રવચન આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિનો આ મહત્વપૂર્ણ લાભ લેવા માટે બધા મુમુક્ષુઓને સોનગઢ પધારવાનું અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. મુદ્રણાધીન ભવ્ય નિમંત્રણ-પત્રિકા તૈયાર થતાં શીઘ્ર મોકલી દેવામાં આવશે.

C/o.શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
Phone : (02846) 44334

નિમંત્રક—
નારોબીનિવાસી રાયચંદ દેવનભાઈ શાહ

કહાન
સંવત-૧૭
વર્ષ-૫૩
અંક-૯
[ ૬૪૧ ]

વીર
સંવત
૨૫૨૩
સં. ૨૦૫૩
MAR.
A. D. 1997




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ● આનંદ–ધામ આત્મદેવ ●

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૩ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, તેની ૧૧૫મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે હે જીવ! ચિંતાઓને છોડીને નિરંતર શુદ્ધાત્મસ્વરૂપને દેખ!

मेल्लिवि सयल अवक्खडी जिय णिच्चिंतउ होइ ।
चित्तु णिवेसहि परमपए देउ णिरंजणु जोइ ॥ ११५ ॥

અર્થઃ—હે જીવ! સમસ્ત ચિંતાઓને છોડીને, અત્યંત નિશ્ચિંત થઈને તું તારા મનને પરમપદમાં ધારણ કર અને નિરંજનદેવને દેખ!

જીવને સંબોધન કર્યું છે તો જીવ કોને કહેવો?—કે જે અનંતજ્ઞાન અને આનંદથી ભરેલું તત્ત્વ છે તેને જીવ કહેવાય છે. તે તું જ છો પ્રભુ! તું અતીન્દ્રિય આનંદથી ભરેલો છો. તું નિત્ય આનંદની મૂર્તિ છો. માટે તું સર્વ પ્રકારની ચિંતાઓને છોડી દે! શુભાશુભ વિકલ્પમાં અનેક પ્રકારની ચિંતા છે તેને છોડીને તારા મનને એટલે કે જ્ઞાનની દશાને પરમપદમાં ધારણ કર! નિશ્ચિંત થઈને પરમાનંદમૂર્તિ આત્મામાં દૃષ્ટિ લગાવ! તને અતીન્દ્રિય આનંદનો અનુભવ થશે.

પ્રભુ! તારું અતીન્દ્રિયસુખ તારામાં જ છે પણ તને તેની ખબર નથી તેથી બહારમાં સુખ શોધે છે. જેમ શેરડીમાં રસ ભરેલો છે તેમ, આત્મામાં અતીન્દ્રિય

તારા નિરંજનદેવમાં અંજન કેવા! તારો ભગવાન આત્મા તો નિરંજનદેવ સ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પો અને ચિંતા ઉઠે છે તે કાંઈ તારું તત્ત્વ નથી. એ તો મલિન એવું આસ્રવતત્ત્વ છે. જે વડે નવા આવરણ આવે એવું એ આસ્રવતત્ત્વ છે. ચિંતા એ પણ અંજન છે—મેલ છે, તારું તત્ત્વ નથી. અહો! તારું તત્ત્વ તો નિરંજન-દેવ છે. તે તારી શ્રદ્ધામાં કેમ બેસે! એ માટે ઉપાય કર!

અરે! આ પ્રભુ કેવો રાંકો થયો છે! સવારમાં બાયું પોદળાં (પશુની વીષ્ટા) વીણવાં નીકળે છે તો મોટો પોદળો જુએ ત્યાં રાજી થઈ જાય છે. પોદળાંનો ટોપલો ભરાય જાય ત્યાં રાજી-રાજી થઈ જાય છે તેમ મોટો ભિખારી (પૈસાવાળો) પાંચ-પચીસ લાખ રૂપિયા મળે ત્યાં રાજી-રાજી થઈ જાય છે પણ ભાઈ એ બધાં પોદળાં છે-વિષ્ટા જ છે. તું કેવડો છો તેની તને ખબર નથી પ્રભુ! તારી વાત પણ તેં કદી સાંભળી નથી. ચિદાનંદપ્રભુ એવો આત્મદેવ તો નિરંજન છે. તેમાં કોઈ જાતના અંજન કહેતાં મલિનતા નથી અને ગુણનો પાર નથી એવો ચૈતન્યદેવ જ પરમ આરાધવા યોગ્ય છે.

દેવ-શાસ્ત્ર-ગુરુ આરાધ્ય છે પણ તે શુભરાગના કાળે આરાધવા યોગ્ય છે. અશુભથી બચવા શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરવા યોગ્ય છે પણ પરમ આરાધવા યોગ્ય દેવ તો ચૈતન્યદેવ જ છે. પ્રભુ! તારા સ્વરૂપમાં જ પ્રભુતા અને પરમેશ્વરતા રહેલી છે તો જ તેમાંથી પ્રગટ થાય છે ને! ન હોય તો કયાંથી આવે! એમ પહેલાં વિચાર કર! આત્મા આવો અનંત શક્તિવાળો હોઈ શકે કે નહિ તેનો સતસમાગમ વડે પહેલાં નિર્ણય કર! ઓળખાણ કર! ઓળખાણ સહિત નિર્ણય થઈ જાય પછી અન્ય સર્વ ચિંતા છોડીને વિકલ્પો છોડીને, આત્નામાં દૃષ્ટિ લગાવીને તેનું ધ્યાન કર!

'સમ્યગ્દર્શન પણ સ્વરૂપની એકાગ્રતારૂપ ધ્યાન છે.'

આરાધવાયોગ્ય નિજપ્રભુનું ધ્યાન કર તો તને શાંતિ અને આનંદની પ્રાપ્તિ થશે. જે શાંતિ અને આનંદ ચક્રવર્તીના કે ઈન્દ્રના પદમાં નથી. ચક્રવતી અને ઈન્દ્રના પદમાં તો દુઃખની જવાળા સળગે છે. રાગ અને દ્વેષ બંનેમાં દુઃખની જવાળા છે તેમાં મૂઢ જીવ સળગી રહ્યો છે. રાગ-દ્વેષ-રાગ-દ્વેષની કલ્પનામાં, મૂઢ સળગે છે અને માને છે કે અમે સુખી છીએ. અજ્ઞાની પાગલ થઈ ગયો છે. જ્યાં દુઃખ છે ત્યાં સુખ માને છે અને જ્યાં સુખ છે ત્યાં જોવાનો પ્રયત્ન પણ કરતો નથી તેને પાગલ ન કહે તો શું કહે!

પોતાનું સુખ કાંઈ નાનું નથી. અતીન્દ્રિય સુખનો મોટો પર્વત છે તેને જોવા માંગે તો કેમ ન દેખાય!

શ્રોતા:—અતીન્દ્રિય આનંદની વાત કરો છો પણ ચખાડો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—ચખાડનાર કાંઈ જીભમાં મૂકવા આવે! ચાખવાની તૈયારી તો પોતાની જોઈએ. સાકરની વાત સાંભળવાથી સાકરનો સ્વાદ ન આવે, સાકરનો સ્વાદ લેનારને જોવાથી સાકરનો સ્વાદ ન આવે, સાકરનો સ્વાદ પોતે લે તેને સ્વાદ આવે તેમ, આત્માની વ્યાખ્યા માત્ર સાંભળે તેને આત્માના સુખનો સ્વાદ ન આવે, આત્માનો સ્વાદ લેનારાને જોવાથી જોનારને આત્માના સુખનો સ્વાદ ન આવે પણ જે પોતે આત્માનું સ્વરૂપ ઓળખીને અનુભવે તેને આત્માના સુખનો સ્વાદ જરૂર આવે.

બાપુ! અંદરમાં એકલા આનંદરસનો કંદ છે પણ એને એની શ્રદ્ધા પણ નથી. હું આવો મહાન છું એવો વિશ્વાસ જ નથી. હું તો પૈસાવાળો, આબરૂવાળો, રૂપાળો, વૈભવવાળો...એવો પોતાને માને છે અને એવી પોઝીશનમાં કાંઈક ફેર પડે પૈસામાં ખોટ જાય કે આંખ ચાલી જાય, આબરૂ ઓછી થઈ જાય તો શરમાય અને દુઃખી થાય.. જ્ઞાનીને તો આ બધું ગાંડપણ લાગે છે. જે મારું નથી તેને મારું માને અને જે પોતાનું છે તેને મારું સ્વરૂપ માને નહિ તેનો શો ઉપાય!

અજ્ઞાની પરને પોતાનું કલ્પે છે તેથી પરમાં એટલે શરીરમાં કાંઈક તંદુરસ્તી આદિ હોય, સંયોગો સારા હોય તો સુખની કલ્પનામાં દુઃખી થાય અને જેને મારું માન્યું તેમાં કાંઈક ખરાબી થાય, શરીર બગડે, સ્ત્રી બગડે તોપણ દુઃખી થાય એમ અનુકૂળતા કે પ્રતિકૂળતા બંનેમાં અજ્ઞાની દુઃખી જ થાય છે. એ ભલે ઇન્દ્રના ઇન્દ્રાસનમાં સુખ માને, મોટરોવાળાને સુખી માને પણ તેનું અંતર જુએ તો ખબર પડે કે ત્યાં સુખ છે કે દુઃખ છે!

શ્રોતા:—વધારે પૈસાવાળા તો વધારે દુઃખી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—વધારે પૈસાથી દુઃખી છે એમ નથી પણ વધારે ચિંતાથી તે વધુ દુઃખી છે. કોઈને પૈસા આદિ વધુ હોય પણ ચિંતા થોડી હોય અને કોઈને ચિંતા વધુ હોય. આમ, ચિંતાથી દુઃખનું પ્રમાણ છે. પૈસા સાથે દુઃખનું પ્રમાણ નથી. સંયોગથી દુઃખનું પ્રમાણ નથી પણ ભાવ ઉપર દુઃખનું પ્રમાણ છે.

પહેલાં એમ કહ્યું હતું કે ખોટાં ધ્યાનને છોડ એ ખોટા ધ્યાનને શાસ્ત્રમાં 'અપધ્યાન' કહ્યું છે. અપધ્યાનનું લક્ષણ એ છે કે "बन्धवधेत्यादि" દ્વેષથી પરને મારવા, બાંધવા, છેદવાનું ચિંતવન કરવું કે રાગથી પરસ્ત્રી આદિનું ચિંતવન કરવું તેને નિર્મળ બુદ્ધિવાળા પુરુષો જિનશાસનમાં 'અપધ્યાન' કહે છે. પરને મારા...મારા માનીને રાગ કરવો કે તેનાથી વિરુદ્ધ ઉપર દ્વેષ કરવો તે બધું અપધ્યાન જ છે.

અજ્ઞાન જીવને જ્યાં રાગ છે ત્યાં અહા! આ બધાં મારા છે એમ થાય છે પણ જે તારા હોય તે તારાથી જુદા કેમ રહે! તારી ચીજ તારાથી જુદી ન પડે અને જે તારા નથી તે તારા થાય નહિ એ વાત એ સમજતો નથી તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એમ બે પ્રકારના ધ્યાન અજ્ઞાની કરે છે. તેથી કહ્યું કે અજ્ઞાનીને પણ ધ્યાન કરતાં તો આવડે છે પણ તે ખોટા ધ્યાન—દુર્ગતિના કારણ થાય તેવા ધ્યાન કરે છે.

સ્ત્રી, પુત્ર, પૈસા, મકાન, દુકાન, આબરૂ આદિ જે આત્માથી જુદી ચીજ છે તેમાં મમતા કરીને અજ્ઞાની રાગભાવથી તેની ચિંતા કરે છે તે આર્તધ્યાન છે અને તેનાથી પણ વિશેષ તીવ્ર પરિણામ થાય તે રૌદ્રધ્યાન છે. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ, વિકલ્પની જાળમાં આત્માની શાંતિ પીલાય છે માટે તે આર્ત્તધ્યાન છે—દુઃખરૂપ ધ્યાન છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિને વિકલ્પ ઊઠે તેમાં તેની ચૈતન્યની શાંતિનો ઘાત થાય છે, ચૈતન્યના આનંદપ્રાણનો ઘાત થાય છે. બીજાંને મારું, છેદું, એવા દ્વેષના ભાવ કે આ સ્ત્રી, પુત્રાદિ મારા છે તેને પ્રેમથી સંભાળું એવા રાગના ભાવ એ બંને પાપભાવ છે, તેમાં ચૈતન્યની શાંતિનો ઘાત થાય છે પણ અજ્ઞાનીને પોતાના ઘાતની ખબર ન મળે... આંખો આડે વઈ જાય તો દેખાય નહિ એમ એને પોતાનો ઘાત દેખાતો નથી.

જેને જોવાનો છે તેને અનાદિથી જીવે જોયો નથી અને બીજાને જોવાની ચિંતામાં પડયો છે. કીડી-મકોડાથી માંડીને રાજા-મહારાજા બધાંની આ દશા છે. પણ પ્રભુ! તારો દેવ મંદિરમાં કે પર્વતમાં નથી, તારા દેહદેવળની અંદર જ પ્રભુ બિરાજે છે તેને જો ને! તું ચિંતાની જાળમાં સળગી રહ્યો છો પણ અંતરમાં પ્રભુ બિરાજે છે. આ રોગ મટતો નથી, છોકરો કમાતો નથી, દીકરીનું સગપણ થતું નથી...એમ અનેક પ્રકારની ચિંતામાં સળગી રહ્યો છે તેની પાછળ જ પ્રભુ બિરાજે છે. આનંદકંદમૂર્તિ આત્મા પોતે જ છે પણ પોતાની એને ખબર નથી.

શ્રોતા:—અમારે સંસારીને કેટલીયે ચિંતા હોય.

પૂજ્ય ગુરુદેવશ્રી:—આત્મા સંસારી કેવો! આત્મામાં સંસાર નથી. સ્ત્રી, પુત્રાદિ પરિવાર કે શુભાશુભ આદિ વિકાર આત્મામાં નથી. આત્મા તો અત્યારે જ મુક્તસ્વરૂપ છે. એ રખડનારો નથી પણ મિથ્યાભ્રમને કારણે ભમી રહ્યો છે—ચાર ગતિમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આત્મસ્વભાવમાં ભ્રમણા નથી પણ માન્યતામાં ભ્રમણા કરી રહ્યો છે તેના ફળમાં નરક અને નિગોદમાં જાય છે.

જે આત્માની ચિંતા એટલે એકાગ્રતા છોડીને પરની ચિંતમાં પડયો છે તે નીચે સાત નરક છે તેમાં અને નિગોદ જેવી હીન પર્યાયમાં ચાલ્યા જાય છે. જેણે તત્ત્વનો વિરોધ કર્યો, તત્ત્વનો અનાદર કર્યો, તત્ત્વની સેવા મૂકીને વિકલ્પમાં પરની મમતા બહુ

કરી તે નિગોદમાં જાય છે. બટાટા-શકરકંદ આદિમાં નિગોદના જીવ જ પડેલાં છે. એક એક શરીરમાં અનંત અનંત જીવ દુઃખી થઈ રહ્યા છે. જે કોઈ જીવ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરે છે તે નરક નિગોદ ગતિને પાત્ર છે. માટે વિવેકી જીવોએ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ત્યાગવા યોગ્ય છે. એક નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરવા યોગ્ય છે. એ આ ગાથાનું તાત્પર્ય છે.

હવે ૧૧૬ ગાથામાં નિજશુદ્ધાત્માનું ધ્યાન કરવાથી જે સુખ થાય છે તેનું વર્ણન કરે છે. ત્રણ ગાથાસૂત્રમાં આ વર્ણન આવશે. આત્મા સ્વભાવથી જ 'શિવ સ્વરૂપ' એટલે આનંદસ્વરૂપ છે માટે તેનું ધ્યાન સુખદાયી છે.

जं सिव-दंसणि परम-सुहु पावहि झाणु करंतु ।
तं सुहु भुवणि वि अत्थि णवि मेल्लिवि देउ अणंतु ॥ ११६ ॥

હે પ્રભાકર ભટ્ટ! નિજશુદ્ધાત્માનું ધ્યાન કરતાં નિજશુદ્ધાત્માના અવલોકનમાં જે અત્યંત સુખ પ્રાપ્ત થાય છે તેવું સુખ ત્રણલોકમાં પરમાત્મા સિવાય બીજે ક્યાંય નથી. આત્મિકસુખ પ્રાપ્ત કર્યું તેને ભલે વિકલ્પાદિ હો પણ અંતરમાં તેના પ્રત્યે પ્રેમ હોતો નથી. અરે! જેના અવલોકનમાત્રથી સુખ થાય તેના અનુભવ અને તેમાં લીનતાથી જે સુખ થાય તેનું શું કહેવું!

આવા સુખસ્વભાવીનો પહેલાં નિર્ણય તો કરો! નિર્ણય તો કરો!! ઊંધા નિર્ણયમાં જીવન ચાલ્યા જાય છે તેને હવે સમજીને સુધારો. બીજાને અવલોકવાથી અને તેના નિર્ણયથી તમને લાભ નહિ થાય પ્રભુ! તમને તમારા અવલોકનમાત્રથી પણ સુખ થાય તેમ છે. અવલોકનથી અનંત સુખ થાય એવો ભગવાન આત્મા તું પોતે જ છો. પરમાં અને પુણ્ય-પાપમાં અવલોકન અને એકાગ્રતા કરતાં ઝેર અને દુઃખ છે અને નિજઆત્મભગવાનનું અવલોકન અને તેમાં એકાગ્રતા કરતાં અનંતસુખ છે. આ તો પરમાત્મપ્રકાશમાં તાજા લાડવા બનાવીને પીરસ્યા છે.

ભગવાન! તેં તારા અંતરસ્વરૂપની મહિમા સાંભળી જ નથી. ઓળખી નથી તેથી તેની કિંમત પણ કદી કરી નથી. સોના-ચાંદીની અને હિરાની કિંમત તો ઘણીવાર કરી છે, કન્યા જોવા જાય ત્યાં કન્યાની કિંમત રૂપ અને ગુણ ઉપરથી આંકે છે પણ પોતાના ગુણ જોઈને પોતાની કિંમત તેં કદી કરી નથી. માટે ભગવાન કહે છે કે એકવાર તું તારી કિંમત કર! પહેલાં નક્કી કર કે ભગવાન કહે છે એવું મારું સ્વરૂપ હોઈ શકે કે નહિ? ન હોઈ શકે તો કારણ લાવ. શું હું શરીર અને રાગસ્વરૂપ હોઉં! શરીર તો મારાથી જુદું છે, રાગ તો મારું સ્વરૂપ નથી તો હું શું છું! મારું અસ્તિત્વ શેમાં છે! તેનો વિચાર કર! શુભાશુભ વિકલ્પજાળ

તો દુઃખરૂપ છે અને ભગવાન કહે છે તું શુભાશુભથી ભિન્નસ્વરૂપ છો માટે હું દુઃખથી રહિત આનંદસ્વરૂપ છું એમ નિર્ણય લાવ! તો તને સુખ થશે.

ત્રણલોકમાં જે સુખ નથી તે સુખ તારી અંદર છે. ત્રણલોકના ઇન્દ્ર, ચક્રવર્તીના કહેવાતાં સુખમાં જે નથી એવું અતીન્દ્રિય સુખ તારી પાસે છે. માટે તેમાં નજર કર તો ત્રણલોકમાં ક્યાંય નથી એવું સુખ તને પ્રગટ થશે.

પોતાનો શુદ્ધાત્મા જ શિવ એટલે કલ્યાણસ્વરૂપ છે. **दर्शनमवलोकनमनुभवनं**—શુદ્ધાત્માના દર્શન–અવલોકન અને અનુભવથી જે સુખ પ્રાપ્ત થાય છે તેવું સુખ જગતમાં બીજે ક્યાંય નથી. આ તો આત્માના પરમાત્મસ્વરૂપની વાત છે તેથી ઊંચી અને મોંઘી લાગે પણ વસ્તુનું સ્વરૂપ જ એવું ઊંચું છે તેથી તેની પ્રાપ્તિથી થતું સુખ પણ ઊંચું જ હોય. તેની પ્રાપ્તિ માટે શો ઉપાય કરવો તેનો વિચાર કર!

મોટા બી.એ એલ. એલ. બી.ના પૂછડાં વળગાડેલાં હોય, દશ દશ હજારના પગાર હોય પણ આત્માના સ્વરૂપને જાણતાં ન હોય તેની શું કિંમત! એ બધાં ભિખારી છે. પ્રભુ! એક ક્ષણ પણ તારી નજર તારામાં પડી જાય તો અનંત આનંદ આવે એવો તું સંતોષસ્વરૂપ પ્રભુ છો. સ્ત્રી, પુત્રાદિને તો અનંતવાર જોયા પણ એમાંથી સુખ કદી આવ્યું નથી અને આવતું પણ નથી. પોતાનો ભગવાન જ અનંત આનંદ આપે તેવો છે.

જે અજ્ઞાની છે–મૂરખ છે તે પૈસાવાળાને સુખી માને છે અને સુખી કહે છે તેને અહીં ભિખારી અને દુઃખી કહ્યાં છે. મુંબઈમાં કરોડપતિઓની પાસે કાંકરા વધારે છે તેની વ્યવસ્થામાં એ એટલાં વ્યસ્ત હોય કે સગો બાપ મળવા જાય પણ તેને મળવાની ફૂરસદ ન હોય, તે જીવને આત્માને મળવાની તો ફુરસદ હોય જ ક્યાંથી! તે માણસ પોતે દુઃખી છે અને તેની મમતા કરનારા પિતા આદિ સ્વજન પણ દુઃખી છે.

'નિજભગવાન મારો અને હું તેનો' એવી દશા અને શ્રદ્ધા સુખરૂપ છે બાકી પરની મમતામાં ક્યાંય સુખ નથી. પરથી પોતાની મોટાઈ માનીને પહોળા થઈને ફરે છે એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે તેને સનેપાતનો રોગ લાગુ પડ્યો છે. પરની મોટાઈમાં તેનાં મોઢાં ફાટી જાય છે અરે! મમતાની લાળ બહુ લાંબી છે ભાઈ!

અરે! તને તારું સ્વરૂપ જોવાની પણ નવરાશ નથી? ઓઝલમાં રહેતી રાણીનું મોઢું જોવાનું તને કુતૂહલ થાય છે એ તો પુદ્ગલ છે તેમાં જોવા જેવું કાંઈ નથી અને જેને જોવાથી સુખનો પાર નથી એવા નિજપ્રભુને જોવાનું તને કુતૂહલ થતું નથી? વિકલ્પની આડમાં ઓઝલમાં જે અનાદિથી પડેલો છે તેને જોવાનું મન થતું નથી?

સમયસારમાં 'કુતૂહલ' શબ્દ વાપર્યો છે. જેના આટલાં વખાણ થાય છે એવા આત્માને જોવાનું એકવાર કુતૂહલ તો કર! શાંતચિત્ત થઈને એકવાર તો જો! ભગવાનને જોવાનો એકવાર મોહ એટલે સાવધાની કર! ત્રણલોકમાં જે સુખ નથી એવું સુખ આત્મ ભગવાનને જોવા માત્રથી તને પ્રાપ્ત થશે. બાકી બીજે ક્યાંય કોઈ પણ રીતે એવું સુખ મળવાનું નથી.

આ સુખ કેવું છે?—કે જે નિર્વિકલ્પ વીતરાગ પરમ આનંદરૂપ શુદ્ધાત્મભાવ છે જેની જોડ જગતમાં ક્યાંય નથી. આ સુખ રાગ અને વિકલ્પ વિનાનું છે. આ સુખ કેવી રીતે પ્રાપ્ત થાય?—તેની અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ કરવાથી આ સુખ પ્રાપ્ત થાય છે. તે કેવું છે!—નિર્વિકલ્પ વીતરાગી પરમ આનંદરૂપ સુખ છે. શુભ અશુભ વિકલ્પની ચિંતાજાળમાં તો રાગ અને દુઃખ છે જ્યારે આત્માની ચિંતામાં એટલે એકાગ્રતામાં વિકલ્પ વિનાનું વીતરાગી સુખ છે.

આવો મહાન આત્મા ક્યાં સંતાઈ ગયો?—એમ એને થાય છે. પણ તું જો તો દેખાય ને! વિચાર કર તો ખ્યાલમાં આવે ને! પણ તેં તારી દરકાર જ કરી નથી, પોતાની કિંમત જ આંકી નથી, બીજાંની કિંમત જ આંકયા કરી છે. હીરાની કિંમત આંકતા આવડતી ન હોય તો શીખવા જાય અને હીરામાં કેટલું પાણી છે તે તપાસી લે પણ તપાસનારની કિંમત કરતાં એ શીખ્યો જ નથી.

ભગવાન આત્મા તો અતીન્દ્રિય પૂર્ણાનંદરસથી ભરેલું તત્ત્વ છે. એક ક્ષણમાત્ર પણ તેની દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ વીતરાગ પરમભાવરૂપ દશા પ્રગટે છે તેને 'સુખ' કહેવામાં આવે છે. તેને જ 'ધર્મ' કહેવામાં આવે છે. શુભરાગ એ કાંઈ ધર્મ નથી. આત્માની સુખરૂપદશા જેણે પ્રાપ્ત કરી તે જ સુખી છે, તે જ ધર્મી છે.

શું કરતા થકાં તે સુખને પામે છે?—કે ત્રણ ગુપ્તિરૂપ સમાધિમાં આરૂઢ થતાં થકાં ધ્યાનીપુરુષ જ સુખને પામે છે. ધર્મીને જ ધર્મનું ધ્યાન કરતાં ધર્મના પરિણામમાં સુખ થાય છે. અનંતગુણરૂપ આત્મતત્ત્વ વિના તે સુખ ત્રણલોકના સ્વામી ઇન્દ્ર આદિને પણ પ્રાપ્ત થતું નથી. અનંત એટલે જેનો અંત નથી એવા તત્ત્વમાં અનંત ગુણો છે, સંખ્યાએ અનંત શક્તિ તેમાં રહેલી છે. જાણવું, દેખવું, શ્રદ્ધવું, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, સ્વચ્છત્વ, કર્તા, કર્મ, કરણ આદિ અનંત શક્તિ આત્મામાં રહેલી છે માટે તેને અનંતદેવ પણ કહેવાય છે.

ભાઈ! તું અનંતદેવ છો! કેમ કે તારામાં સંખ્યાએ ગણી ન શકાય એટલા અપાર અનંતગુણ ભરેલાં છે. તેના આશ્રય વિના સ્વર્ગના દેવને પણ સુખ નથી.

અર્ધલોકના સ્વામી શકેન્દ્રની નીચે ૩૨ લાખ તો વિમાન છે પણ તે સુખી નથી, દુઃખી છે. કેમ? કેમ કે 'પરાધીન સ્વપ્નેય સુખ ન હોય.' પરપદાર્થના આશ્રયે કલ્પના ઊઠે છે તેમાં કદી સુખ હોય જ નહિ. તે ઇન્દ્રને સુખ તો છે, તે શેનું છે? કે તેને સમ્યગ્દર્શન છે તેથી જેટલો આત્માનો આશ્રય છે તેટલું સુખ છે પણ ઇન્દ્રપદ તો પરને આધીન છે છે તેથી ઇન્દ્રપદમાં તેને સુખ નથી- પદવીજનિત સુખ નથી.

સંયોગથી કોઈ સુખી નથી. પૈસાથી લોકો સુખી માને છે પણ ખાધીલાને સંતોષનું સુખ પણ કયાં છે! પોતાને પાંચ લાખ હોય અને બીજાને પચાસ લાખ હોય તો પોતાને ૪૫ લાખની ખાધ દેખાય છે ત્યાં સુખ તો કયાંથી વેદાય! ભગવાન આત્મામાં તો કદી ખાધ જ નથી, તેમાં કદી ખોટ આવતી જ નથી માટે તેના આશ્રયે સદાય સુખ છે. માટે કહ્યું કે ત્રણલોકના સ્વામી ઇન્દ્ર પાસે પણ જે સુખ નથી એવું સુખ આત્માના અનુભવમાં છે.

આ કારણે સારાંશ એ નીકળ્યો કે 'શિવ' નામવાળો જે નિજશુદ્ધાત્મા છે તેનું રાગ-દ્વેષ-મોહનો ત્યાગ કરી ધ્યાન કરવામાં આવે તો નિજશુદ્ધાત્મા આકુળતા-રહિત પરમસુખ આપે છે. 'શિવ' નામનો બીજો કોઈ પરમેશ્વર આ જીવને સુખ આપતો નથી.

સંસારી જીવોને જે ઇન્દ્રિયજનિત સુખ છે તે આકુળતારૂપ છે. કારણ કે ઇન્દ્રિયના ભોગ, આબરૂ, કીર્તિ બધામાં વિકલ્પ છે, આકુળતા જ છે. તેમાં સુખનું વેદન નથી. આત્મીક અતીન્દ્રિયસુખમાં આકુળતા હોતી નથી. તે સુખ તો ધ્યાનથી જ પ્રાપ્ત થાય છે. બહારની ચિંતાને સમેટી અંદરમાં એકાગ્ર થાય ત્યાં ધ્યાનમાં જ આનંદ અને શાંતિ છે. તેમાં જે સુખ મળે છે તે કોઈ બ્રહ્મા, વિષ્ણુ કે મહેશ નામના પુરુષો આપતાં નથી. આત્મા પોતે જ 'શિવ' 'વિષ્ણુ' 'બ્રહ્મા' 'મહેશ' જે કહો તે પોતે જ છે.

આત્મા પોતે જ કલ્યાણનો કરનારો હોવાથી 'શિવ' છે. આત્મા પોતે બ્રહ્માનંદ-સ્વરૂપ હોવાથી 'બ્રહ્મા' છે. આત્મા બધાંને જાણવાની તાકાતવાળો હોવાથી પોતે જ 'વિષ્ણુ' છે. અનંતગુણનો ધણી પોતે જ છે તેનું તું એક ક્ષણ તો ધ્યાન કર! ધ્યાન કરીશ તો જે આનંદ આવશે તે આનંદ બીજે કયાંયથી નહિ આવે. માટે પોતાનું પરમાત્મસ્વરૂપ જ આરાધવાયોગ્ય છે, બીજું કાંઈ આરાધવાયોગ્ય નથી.

[ક્રમશઃ]

# વસ્તુને પ્રથમ અનેક પડખાથી સમજ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૫૨ ]

આ નાટક સમયસાર શાસ્ત્ર છે. તેમાં ત્રીજા અધિકારનો સાર કહે છે. તેમાં પ્રથમ ક્રિયા, કર્મ અને કર્તાની વ્યાખ્યા કરે છે.

કરવું તે ક્રિયા, કરવામાં આવે તે કર્મ અને જે કરે તે કર્તા છે. અભિપ્રાય એ છે કે જે ક્રિયાનો વ્યાપાર કરે તે કર્તા છે. અર્થાત્ કામ કરનારને કર્તા કહે છે. જેમાં ક્રિયાનું ફળ રહે છે અર્થાત્ કરેલા કામને કર્મ કહે છે, જે કાર્ય કરવામાં આવે તેને ક્રિયા કહે છે. જેમકે કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે અને ઘડો બનાવવાની વિધિ ક્રિયા છે. અથવા જ્ઞાનીરામ કેરી તોડે છે, આ વાકયમાં જ્ઞાનીરામ કર્તા, કેરી કર્મ અને તોડવું તે ક્રિયા છે.

કોઈ પણ પદાર્થમાં પલટવાની ક્રિયા કરવી તે 'ક્રિયા' છે. અને જે કરવામાં આવે છે તેને 'કર્મ' અથવા કાર્ય કહેવાય છે. (કર્મ એટલે જડકર્મની વાત નથી.) અને આ પલટવાની ક્રિયાને જે કરે છે તે 'કર્તા' છે. વિશેષ સ્પષ્ટ કરતા કહે છે કે જેમા પલટવાનું ફળ આવે છે—કાર્ય થાય છે તે કાર્યને કર્મ કહેવાય છે. તે વસ્તુ ચેતન હો કે અચેતન હો પણ તેના કાર્યને કમ કહેવાય. આ તો એકલા સિદ્ધાંત છે. આગળ ૭મો શ્લોક આવી ગયો છે કે કર્તા, કર્મ અને ક્રિયા ત્રણેય એક જ વસ્તુમાં છે તેના નામ ત્રણ છે.

'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ,
ક્રિયા પર્યાયકી ફેરણી, વસ્તુ એક ત્રય નામ.

છ એ દ્રવ્યમાં જે દ્રવ્ય છે તે કર્તા છે, તેના પરિણામ અથવા ભાવને કર્મ કહેવાય છે અને જે કરવામાં આવે છે છે તેને ક્રિયા કહેવાય છે. આ કર્તા, કર્મ ક્રિયા ઉપર જે દૃષ્ટાંતથી સમજાવ્યા છે તે ભેદકારક છે. એટલે કે કર્તા જુદું દ્રવ્ય છે, અને કર્મ અને ક્રિયા જુદા દ્રવ્યમાં થાય છે. ઘડાનું દૃષ્ટાંત છે તેમાં કુંભાર કરનારો છે માટે તે કર્તા છે અને ઘડો તેનું કાર્ય છે. માટીના પિંડામાંથી પલટીને ઘડાનું કાર્ય આવ્યું તેમાં પલટવું તે ક્રિયા છે. એ જ રીતે કેરી તોડવાનું દૃષ્ટાંત પણ ભેદવિવક્ષાનું

જ છે. તોડનારો જ્ઞાનીરામ કર્તા છે, તોડવું તે ક્રિયા છે અને તોડવાના ફળરૂપે કેરી હાથમાં આવી તે જ્ઞાનીરામનું કર્મ છે.

આ ભેદ–વ્યવહારમાં જેમ, કર્તા–કર્મ–ક્રિયા ભિન્ન ભિન્ન દ્રવ્યમાં રહે છે તેમ અભેદ–દૃષ્ટિમાં હોતું નથી. અભેદ–દૃષ્ટિમાં કર્તા–કર્મ અને ક્રિયા ત્રણેય એક જ દ્રવ્યમાં હોય છે. જેમકે

"ચિદ્ભાવ કર્મ ચિદેશ કર્તા, ચેતના કિરિયા તહાં."

—છઢાળા

આમાં, જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા 'ચિદેશ' છે તે કર્તા છે. કર્તા શું કરે છે?—ચિદેશ કર્તા જ્ઞાનભાવને કરે છે માટે જ્ઞાનભાવ અર્થાત્ ચિદ્ભાવ તે કર્મ છે. અને ચેતવાની પરિણતી તે ક્રિયા છે. ફરી—જ્ઞાનનો ધણી આત્મા તે ચિદેશ 'કર્તા' છે, ચૈતન્યભાવ તેનું કાર્ય અર્થાત્ કર્મ છે અને જાણવું તે તેની ક્રિયા છે.

આ તો પરપદાર્થથી જુદું દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન સિદ્ધ કરવા કર્તા, કર્મ, ક્રિયા ત્રણેય એક જ વસ્તુમાં છે. એમ બતાવ્યું છે ખરેખર આત્માનો ધ્રુવસ્વભાવ ચિદેશ ભગવાન આત્માને શુદ્ધપરિણામનો કર્તા કહેવો તે પણ વ્યવહાર છે. ધ્રુવસ્વભાવ પરિણામને પણ કરતો નથી.

ચિદેશ એટલે ચિદ્ + ઈશ = જ્ઞાનનો ઈશ્વર ભગવાન આત્મા કર્તા થઈને કરે તો શું કરે? કે જ્ઞાનને કરે—જાણવાના કાર્યને કરે તે ચિદેશનું કર્મ અર્થાત્ કાર્ય છે. રાગાદિ કરવા કે જડની પર્યાયને કરવી તે તેનું કાર્ય નથી. લાડવા વાળવા, મકાન બનાવવા કે એવા કોઈ જડના કાર્યનો કર્તા આત્મા નથી. આત્મા તો પોતાની જ્ઞાનની ક્રિયાને કરનારો કર્તા છે. નિશ્ચયથી તો અપરિણામી આત્મામાં પરિણામની ક્રિયા જ નથી. પરિણામની ક્રિયાને અપરિણામી આત્મા કરતો નથી. પરથી ભિન્ન પડાવવા પરિણામ અને પરિણામીમાં કર્તા–કર્મ સંબંધ બતાવ્યો પણ પરિણામ અને પરિણામીનું ભિન્ન ભિન્ન સ્વરૂપ સમજાવવું હોય ત્યારે પરિણામી ભગવાન આત્મા પરિણામની ક્રિયાનો કર્તા નથી. ૩૨૦મી ગાથામાં આવી ગયું છે કે મોક્ષમાર્ગ અને મોક્ષના પરિણામને પણ 'ધ્રુવ' કરતું નથી.

એક દ્રવ્ય કર્તા અને બીજા દ્રવ્યમાં તેનું કર્મ કહેવું એ તો માત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ બતાવવા પૂરતો વ્યવહાર છે. આ વાત બધાં દ્રવ્યને લાગુ પડે છે પણ આપણે તો મુખ્યપણે આત્માની જ વાત લેવી છે. આત્માને પરના કાર્યનો કર્તા કહેવો એ તો માત્ર વ્યવહાર છે. આત્મા પરના કાર્યનો કર્તા નથી અને પરદ્રવ્યરૂપ કર્તાનું

કાર્ય પણ નથી. આત્મા તો પોતાના નિર્મળ શ્રદ્ધા ભાવનો, જ્ઞાનભાવનો, એવા બધાં નિર્મળભાવોનો કર્તા છે અને નિર્મળભાવ એ તેનું કામ એટલે કર્મ છે અને એક ભાવથી બીજાં ભાવરૂપ અવસ્થા થાય તે તેની ક્રિયા છે. આમ, પરથી ભિન્ન પડાવી આત્મામાં અભેદ કર્તા-કર્મ-ક્રિયા બતાવ્યાં. હવે, તેનાથી આગળ જવું હોય તો ધ્રુવમાં પરિણામ નથી અને ધ્રુવ પરિણામને કરતું નથી. સદૃશપણે એકરૂપ રહેલો ત્રિકાળી ભાવ વિસદૃશ એવા પરિણામમાં આવતો નથી.

ઉત્પાદ-વ્યય વિસદૃશ છે. થવું...જવું, થવું...જવું એ ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ છે, ધ્રુવ તો સદાય સ્થિર છે તેથી તે ઉત્પાદ-વ્યયમાં આવતો નથી. અનાદિથી જીવ આ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં જ પોતાનું અસ્તિત્વ માનીને બેઠો છે-પર્યાયમાં જ એકત્વબુદ્ધિ છે તેને તોડાવવા આ કહેવામાં આવે છે કે પરિણામ તારી ધ્રુવવસ્તુમાં નથી. દ્રવ્યલિંગી સાધુ થઈને નવમી ગ્રૈવેયક જઈ આવ્યો તોપણ તેની માન્યતામાં અંશમાં જ પોતાની સત્તાનો સ્વીકાર છે. પરિણામ ઉપરાંત આખી વસ્તુ છે તેનો તેને અંતરમુખ દૃષ્ટિપૂર્વક સ્વીકાર કદી આવ્યો નથી. પરિણામની દૃષ્ટિ તે બહિર્મુખ દૃષ્ટિ છે. નિયમસારમાં પરિણામને બહિરતત્ત્વ જ કહ્યાં છે. કારણ કે અંતઃતત્ત્વથી તે બહિરંગ છે. ભલે તે આસ્રવતત્ત્વ હો કે સંવર તત્વ હો પણ બહિરતત્ત્વ છે. સદૃશરૂપે રહેલો એકરૂપભાવ વિસદૃશ પરિણામમાં આવતો નથી એટલે કે સ્થિર રહેલો ભાવ અસ્થિર એવા પરિણામમાં આવતો નથી.

અનાદિથી જીવે વર્તમાન વર્તતી દશામાં એકત્વ કર્યું છે અને તેથી રખડયો છે તેથી એ એકત્વથી છોડાવી તેને ધ્રુવમાં લઈ જવો છે. માટે કહે છે કે જે સ્થિરબિંબ ધ્રુવ-અચળ અવિચળ-નિશ્ચલ ધ્રુવ છે તે મોક્ષના પરિણામને કે મોક્ષમાર્ગના પરિણામને પણ કરતો નથી, તે મોક્ષ અને મોક્ષમાર્ગના પરિણામથી પણ રહિત છે.

આમાં કેટલું સમજવું !! એક તરફ તો કુંભાર ઘડાનો કર્તા છે એ વાત છે અને બીજી બાજુ દ્રવ્ય પોતાના પરિણામને પણ કરતું નથી એ બેમાં મોટો આંતરો છે તે કેમ સમજાય ! એમ અજ્ઞાનીને થઈ જાય. કુંભાર વિના કાંઈ ઘડા થાય ! આત્મા વિના કાંઈ રાગ થાય ! હા ભાઈ ! આત્મા ઘડાને તો કરતો નથી પણ રાગને પણ કરતો નથી. ધ્રુવદ્રવ્ય શુદ્ધપરિણામને પણ કરતું નથી.

એક મહાપ્રભુના બે સ્વરૂપ છે. એક ધ્રુવસ્વરૂપ છે અને બીજું પર્યાયસ્વરૂપ છે. એમ જયારે વસ્તુને તેના બે સ્વરૂપથી સમજવું હોય તો ધ્રુવસ્વરૂપમાં પરિણામ નથી અને પરિણામસ્વરૂપમાં ધ્રુવ નથી. તેથી ધ્રુવ તે પરિણામનો કર્તા નથી.

આમ, વ્યવહારથી કુંભારને ઘડાનો કર્તા કહેવો અને નિશ્ચયથી ધ્રુવ વસ્તુ

પરિણામને પણ કરતી નથી એમ કહેવું તે બે વાતમાં કાંઈ વિરોધ નથી. બંને અપેક્ષા જ જુદી છે. ચિદ્દશાને ચિદ્દભાવનો કર્તા કહેવો તે પણ જુઠ નથી. પરવસ્તુથી ભિન્નપણું સમજાવવા આત્મા પોતાના પરિણામનો કર્તા છે અને પરિણામ આત્માનું કર્મ છે એ વાત સિદ્ધ કરી છે પણ, જ્યારે એક આત્માના જ બે સ્વરૂપને સમજાવવા હોય અને ધ્રુવનું માહાત્મ્ય કરાવીને જીવને ધ્રુવની દૃષ્ટિ કરાવવી હોય ત્યારે પર્યાય પણ ધ્રુવમાં નથી એવું સ્વરૂપ સમજાવું જોઈએ અને સમજનારે પણ જે અપેક્ષાથી જે કથન થતું હોય તેને તે અપેક્ષાથી સમજવું જોઈએ.

દૃષ્ટાંતમાં અભેદ વિવક્ષામાં માટી કર્તા છે, ઘડો કર્મ છે અને માટીનું પિંડ પર્યાયમાંથી ઘટપર્યાયરૂપ થવું તે ક્રિયા છે એમ સમજવું. આત્મામાં આત્મા કર્તા છે, જ્ઞાન તેનું કર્મ છે અને જાણવું તે તેની ક્રિયા છે એમ સિદ્ધાંત સમજવો.

આ અધિકારમાં કર્તા-કર્મ-ક્રિયા શબ્દ ક્યાંક ભેદદષ્ટિથી અને અભેદદષ્ટિથી કહેવામાં આવ્યા છે, તેથી ખૂબ ગહન વિચારપૂર્વક સમજવું. અજ્ઞાની પોતાને જડકર્મોનો કર્તા માને છે ત્યાંથી છોડાવવા તેને રાગનું કર્તાપણું ઠરાવે છે અને રાગનું કર્તાપણું છોડાવવા તેને જ્ઞાનનું કર્તાપણું સિદ્ધ કરી સમજાવાય છે. આમ, આ બધી ઊંડી વાતો છે તેને જેમ છે તેમ યથાર્થ રીતે સમજવી.

શ્રોતા:—શાસ્ત્રમાં જ જીવને કર્મનો કર્તા તો કહ્યો છે?

પૂજ્ય ગુરુદેવશ્રી:—જીવ અને કર્મના બંધનને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ બતાવવા એમ કથન આવે છે પણ ખરેખર જીવને અને જડને કર્તા-કર્મ સંબંધ નથી. અહો! ભગવાન આત્માને તેનું સ્વરૂપ માહાત્મ્ય સમજાવવા એમ પણ કહેવાય કે જગતમાં જીવને પોતાના દ્રવ્યપર્યાયસ્વરૂપ સિવાય બીજી કોઈ ચીજ નથી. મારી અપેક્ષાએ હું એકલો જ પૂર્ણ છું. મારી પૂર્ણતા માટે જગતની કોઈ ચીજની જરૂર નથી. મારા સુખ માટે મારો આત્મા જ એક સાધન છે. સુખ માટે બીજું કોઈ સાધન નથી એ અપેક્ષાએ જગતમાં બીજી કોઈ ચીજ જ નથી એમ કહેવાય. હું જ એક સર્વસ્વ ધ્રુવ છું. ધ્રુવની અપેક્ષાએ પર્યાય પણ નથી એમ અપેક્ષાથી સમજીને લઈ શકાય છે. ધ્રુવની અપેક્ષાએ 'પર્યાય છે' એવા વિકલ્પની પણ ત્યાં જરૂર નથી.

મારી સત્તાની અપેક્ષાએ બીજી ચીજ અસત્તા છે પણ પરવસ્તુ જ નથી એમ નથી. તેમ ધ્રુવમાં પર્યાય નથી પણ ખરેખર સંબંધ નથી એમ નથી. ધ્રુવને પર્યાય સાથે વ્યવહાર સંબંધ છે પણ ખરેખર સંબંધ નથી. ધ્રુવને સામાન્ય કહો કે એકરૂપ સદૃશ્યભાવ કહો એક જ છે. સમયસારની ૧૧મી ગાથામાં તેને જ ભૂતાર્થ કહ્યો છે અને છઠ્ઠી

ગાથામાં તેને એક જ્ઞાયકભાવ કહ્યો છે. પ્રમત્ત–અપ્રમત્તની પર્યાય ધ્રુવમાં નથી. આ ધ્રુવભાવ જ મહાપ્રભુ છે તેની અસ્તિમાં બીજાં બધાંની નાસ્તિ છે. સર્વજ્ઞસ્વભાવી મહાપ્રભુની અપેક્ષાએ એક સમયની પર્યાયની પણ તેમાં નાસ્તિ છે.

આ તત્ત્વ સમજવું એમાં તારું ડહાપણ છે ભાઈ! વકીલાત કરવી કે દુકાન ચલાવવી, પૈસા કમાવા એમાં તારું ડહાપણ નથી.

મારું હોવાપણું, તો એક મારા સર્વજ્ઞસ્વભાવમાં જ છે. અલ્પજ્ઞ પર્યાયમાં મારું હોવાપણું નથી અને કેવળજ્ઞાનના પર્યાય જેવડો પણ હું નથી. નિયમસારમાં તો ત્યાં સુધી વાત આવી ગઈ કે ક્ષાયિકભાવ એટલે કેવળજ્ઞાનની પર્યાય પણ પરદ્રવ્ય, પરભાવ અને હેય છે. કેમ? કેમ કે તેના આશ્રયથી નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી માટે આશ્રય તો એક ત્રિકાળીસ્વભાવનો જ લેવા યોગ્ય છે.

અજ્ઞાનની દશામાં જીવ શુભાશુભકર્મ અને શુભાશુભ પ્રવૃત્તિને પોતાની માને છે અને તેનો કર્તા પોતે બને છે, પરંતુ ખૂબ ધ્યાન રાખો કે લોકમાં અનંત પૌદ્‌ગલિક કાર્માણવર્ગણાઓ ભરેલી છે આ કાર્માણવર્ગણાઓમાં એવી શક્તિ છે કે આત્માના રાગ–દ્વેષનું નિમિત્ત પામીને તે કર્મરૂપ થઈ જાય છે—રાગ છે માટે કર્મ બંધાય છે એમ નથી તેથી 'રાગનું નિમિત્ત પામીને' એમ શબ્દ વાપર્યો છે પરમાણુનો તે કાળે કર્મરૂપ થવાનો પોતાનો સ્વભાવ છે તેમાં રાગ માત્ર નિમિત્ત છે.

થોડો થોડો અભ્યાસ કરે તો સમજાય તેવું છે, મુંજાવું પડે તેવું નથી. કયારેય સાંભળ્યું ન હોય એટલે સૂક્ષ્મ લાગે.

જીવ અને પુદ્‌ગલ બંનેના સ્વભાવ ભિન્ન છે. કોઈ કોઈના પરિણામને કરતાં નથી. પુદ્‌ગલની કર્મરૂપ અવસ્થા થાય ત્યારે જીવના વિકારી ભાવનું નિમિત્ત છે પણ વિકાર કર્મની રચના કરી શકતો નથી. વિકારને અને કર્મબંધનને સમયભેદ નથી પણ જે સમયે જીવમાં રાગ–દ્વેષરૂપ વિકાર થાય છે એ જ સમયે જડ વર્ગણા કર્મબંધનરૂપે પરિણમે છે પણ કર્મબંધન વિકારથી થઈ શકતું નથી. કર્મ બંધાય ત્યારે અજ્ઞાનીના રાગ–દ્વેષ નિમિત્તરૂપે જરૂર હોય જ છે પણ તે કર્તા નથી. કર્મને પણ ખબર નથી કે જીવને રાગ–દ્વેષ થયા છે માટે હું કર્મરૂપે પરિણમું. કુદરતી કર્મની વ્યવસ્થિત વ્યવસ્થા થઈ જાય છે.

તેથી સ્પષ્ટ છે કે જ્ઞાનાવરણાદિકર્મ પુદ્‌ગલરૂપ છે, અચેતન છે, પુદ્‌ગલ જ તેનો કર્તા છે—આત્મા નહિ. હા, રાગ–દ્વેષ–મોહ આત્માના વિકાર છે તે આત્મજનિત છે. રાગ–દ્વેષ અને મોહ એટલે મિથ્યાત્વને કર્મના નિમિત્તની અપેક્ષા નથી. અર્થાત્

કર્મરૂપ નિમિત્તના અસ્તિત્વથી રાગ-દ્વેષ-મોહ થાય છે—એમ નથી. માટે રાગ-દ્વેષ-મોહ જીવ પોતાના અપરાધથી કરે છે, કર્મ કરાવતાં નથી એમ સમજવું.

બૃહદ્દ્રવ્યસંગ્રહમાં રાગ-દ્વેષ-મોહ જીવજનિત છે અને પુદ્ગલજનિત છે તેનું સરસ સમાધાન કરાવ્યું છે. તે આ પ્રમાણે કે—જેમ સંતાન ન તો એકલી માતાથી થાય છે કે ન તો એકલા પિતાથી થાય છે. પરંતુ બંનેના સંયોગથી સંતાન ઉત્પન્ન થાય છે તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ ન તો એકલો આત્મા ઉપજાવે છે કે ન તો પુદ્ગલ ઉપજાવે છે, જીવ અને પુદ્ગલ બંનેના સંયોગથી રાગ-દ્વેષ-મોહ ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. જો એકલા પુદ્ગલથી રાગ-દ્વેષ-મોહ થાય તો કલમ, કાગળ, ઈંટ, પથ્થર આદિને પણ રાગ-દ્વેષ-મોહ થવા જોઈએ અને એકલા આત્માથી રાગ-દ્વેષ-મોહ થતાં હોય તો સિદ્ધને પણ થવા જોઈએ. વિશેષ લખવાથી શું? પુદ્ગલ અને જીવ બંનેના સંયોગથી થાય છે.

ઉપરના કથનમાં પ્રમાણજ્ઞાન કરાવ્યું છે પણ તે નિશ્ચય રાખીને સમજવા માટે વાત છે. નિશ્ચયથી રાગ-દ્વેષ-મોહ જીવમાં જ થાય છે એ વાત નક્કી રાખીને નિમિત્તથી કથન કરતાં તેને પુદ્ગલજનિત પણ કહેવાય છે. દૃષ્ટાંતમાં માતા-પિતા બંને નિમિત્ત છે સંતાન પોતાના ઉપાદાનથી થાય છે તેમ. રાગ-દ્વેષ-મોહ જીવથી પોતાથી થાય છે પણ તેમાં પુદ્ગલકર્મનું નિમિત્ત હોય છે તેથી પ્રમાણથી જીવ અને પુદ્ગલ બંનેથી કર્મ થયા કહેવાય છે.

પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આવે છે કે વિકાર જીવથી જ થાય છે તેમાં તેને કોઈ પર કે નિમિત્તની અપેક્ષા નથી.

સ્વભાવની દૃષ્ટિ થાય તેને સ્વભાવનું કાર્ય સ્વભાવરૂપ જ હોય, પરભાવ એટલે વિકારરૂપ ન હોય એવી દૃષ્ટિ હોવાથી રાગ થાય છે તેનો તે જ્ઞાતા હોવાથી રાગ કર્મનું કાર્ય છે એમ કહે છે.

પ્રમાણજ્ઞાનમાં વિકારનો નિશ્ચયકર્તા જીવ છે અને નિમિત્તકર્તા પુદ્ગલ છે માટે બંનેથી આ કાર્ય થયું છે એમ તેમાં નિશ્ચયનું જ્ઞાન રાખીને એમ જાણવામાં આવે છે. નિશ્ચયનો નિષેધ કરતું નથી. નિશ્ચયથી રાગ-દ્વેષાદિ જીવનું કાર્ય છે એમ રાખીને સાથે કર્મના નિમિત્તનું પણ જ્ઞાન કરાવીને પ્રમાણજ્ઞાન જેમ છે તેમ સમજાવે છે. નિશ્ચયનો નિષેધ કરે તો જ્ઞાન પ્રમાણ રહેતું નથી. અહીં આ ગ્રંથ નિશ્ચયનો હોવાથી પ્રમાણથી વાત ન કરતાં નિશ્ચયથી વાત કરી છે.

રાગ-દ્વેષ-મોહ જીવનું નિજસ્વરૂપ નથી માટે શુદ્ધનિશ્ચયનયથી તેને પુદ્ગલના

કહ્યાં છે. શુદ્ધનિશ્ચયથી જોતાં જીવનાં સ્વભાવમાં રાગ-દ્વેષ-મોહ નથી. માટે તે જીવના નથી અને પરમ શુદ્ધનિશ્ચયથી તો રાગ-દ્વેષ-મોહ આત્મજનિત પણ નથી અને પુદ્‌ગલ-જનિત પણ નથી. વસ્તુ જ નથી, અવસ્તુ છે.

હવે આટલી બધી અપેક્ષા સમજવી તો કઠણ પડે છે. એક જ આત્મા છે અને તે ઈશ્વરે બનાવ્યો છે એમ માનનારાને આ અઘરું પડે પણ એમ ન ચાલે. આત્મા છે, આત્મા ભૂલ્યો છે તે કેમ ભૂલ્યો છે, ભૂલ શું છે? ભૂલ ન હોય તો આનંદનો પ્રત્યક્ષ અનુભવ હોવો જોઈએ એ તો નથી માટે ભૂલ તો છે જ, તેનું કારણ અને નિવારણ બધું શોધવું પડે. આત્મા ભૂલ્યો છે છતાં સ્વભાવમાં ભૂલ નથી તેથી ભૂલ ભાંગીને ભગવાન થઈ શકે છે એવો બધો નિર્ણય કરવો પડશે.

શુભાશુભભાવ અને શુભાશુભ ક્રિયા આત્માનો સ્વભાવ નથી માટે પુદ્‌ગલજનિત છે. આમ આ પેરેગ્રાફમાં ઘણી અપેક્ષા સમજાવી છે. હવે સારાંશ એ છે કે શુભાશુભ કર્મ અને શુભાશુભ ક્રિયાને આત્માના માનવા અને તે બંનેનો કર્તા જીવને ઠરાવવો તે અજ્ઞાન છે. શુભાશુભભાવ પણ જીવનો સ્વભાવ નહિ હોવા છતાં પોતાના માનવા તે અજ્ઞાન છે. સ્વભાવનું ભાન નથી માટે અજ્ઞાન છે. સ્વભાવનું ભાન હોય તો રાગ-દ્વેષ થતાં જ નથી. કારણ કે વસ્તુમાં રાગ-દ્વેષ-મોહ નથી.

આ મારગ એવો છે કે વિચાર કરીને સમજણના બધાં પડખાં ચોખ્ખા થવા જોઈએ. તેમાં જો કયાંય ભૂલ રહી જાય તો અંતરમુખ થવાની યોગ્યતા ન થાય. વાસ્તવિક સમજણ થાય પછી જ અંતરમાં જઈ શકાય છે.

ભગવાન આત્મા તો પોતાના જ્ઞાનભાવ અને ચૈતન્ય ક્રિયાનો કર્તા છે. ત્રિકાળી ચૈતન્યસ્વભાવની પરિણમનની ક્રિયા અને તેના ફળરૂપ કાર્યનો જીવ કર્તા છે. રાગનો કર્તા નથી, વ્યવહારનો કર્તા નથી અને કર્મનો કર્તા તો નથી જ.

મિથ્યાત્વના ઉદયથી જીવ શાતા-અશાતા આદિ કર્મ અને દયા, દાન, પૂજાદિ તથા વિષય-કષાયાદિ શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ કરે છે કે આ કર્મ મારા છે અને આ ક્રિયા મારી છે. આવો મિથ્યાત્વભાવ છે તે જ બંધનું કારણ છે અને શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમા તન્મય ન થવું— એ સમ્યકભાવ છે, એ જ નિર્જરાનું કારણ છે. [ ક્રમશઃ ]

# વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણ પ્રસંગ

## [ સુદર્શન શેઠની કથા ]

[ ગતાંકથી ચાલુ ]

જ્યારે રાણીએ શેઠ સુદર્શનને પોતાના રૂમમાં જોયા તો તે અત્યંત પ્રસન્ન થઈ. તેણે મનમા વિચાર્યું કે મારી મનોકામના પૂરી થઈ. તેણે કામવાસનાથી પીડિત શેઠ સુદર્શનને કહ્યું કે વ્હાલા મારી મનોકામના પૂરી કરો. તમારા પ્રેમાલિંગનથી મને સુખી કરો. જુઓ. તમારા માટે મારે કેટલી તકલીફ વેઠવી પડી, હવે આનંદથી સુખ–ક્રીડા કરી જીવન સાર્થક બનાવો. પરંતુ શેઠ સુદર્શન ટસથી મસ ન થયા. સંસારમાં આવા જિતેન્દ્રીય તપસ્વી આદર્શ સદાચારી ક્યાંથી મળશે? રાણીની અનેક કુચેષ્ટાઓથી પણ બ્રહ્મચારી સુદર્શનનું મન વિચલિત ન થયું. આ કષ્ટ દૂર કરવા માટે શેઠ જિન ભગવાનનું સ્મરણ કરી પ્રાર્થના કરવા લાગ્યા. તેણે મનમાં નિશ્ચય કરી લીધો કે જો મારા સદાચારની રક્ષા થાય તો સંસાર છોડી દીક્ષા ધારણ કરીશ. આ સંસારના જમેલામાં નહીં પડું. આ રીતે દૃઢ નિશ્ચય કરી ધ્યાનમગ્ન થઈ ગયા. ધન્ય છે સુદર્શન! આપની જેટલી પ્રસંશા થાય એટલી ઓછી છે. ભલા! આવો કયો બ્રહ્મચારી હશે કે સુંદરીઓની અનેક પ્રકારથી વિનંતી કરવા છતાં ઠુકરાવી દે? સંસારથી ઉદાસીન થઈ બ્રહ્મચર્યની રક્ષા કરીને સુંદરીઓના બાહુપાશથી બચીને પોતાના સદાચારની રક્ષા કરવી તપસ્વી સુદર્શનનું જ કાર્ય છે.

રાણી પોતાના લાખ પ્રયત્નો કરીને થાકી, પરંતુ સુદર્શનનું વ્રતભંગ ન થયું. રાણીની વાસના પૂર્ણ ન થવાથી લજ્જિત થઈને શેઠ સુદર્શનને ફસાવવા માટે ષડયંત્ર રચવા લાગી. તેણે પોતાના શરીર પર નખ વડે જખમ કરીને બૂમાબૂમ કરવા લાગી. "—અરે! દોડો, બચાવો, પાપીના હાથોથી બચાવો" બસ, એનું બીજું ષડયંત્ર સફળ થયું. તપસ્વી સુદર્શનને મહેલમાં જ પકડી લીધા અને મહારાજ સામે પકડીને પહોંચાડી દીધા. જોયું સ્ત્રી ચારિત્ર! થોડા સમય પહેલાં શું વાત હતી ને શું થઈ ગયું! દુરાચારી રાણીએ સફળ ન થવાથી નિર્દોષ બ્રહ્મચારી તપસ્વી સુદર્શનને બંદી બનાવી દીધો. મહારાજે સુદર્શનની કથા (દોષ) સાંભળીને અત્યંત ક્રોધપૂર્વક થઈને તેને ફાંસીની સજા ફરમાવી.

### [ તપસ્વી સુદર્શનની રક્ષા ]

અહીં મહારાજનો હુકમ થયો—"દુષ્ટ પાપીને મારી નાખો!" જલ્લાદો

તપસ્વીને સ્મશાનભૂમિમાં મારવા માટે લઈ ગયા. જેવી જલ્લાદની તલવાર ઊઠી પરંતુ સુદર્શનની ગરદન પર વાર ખાલી ગયો. સુદર્શનની ડોક પર ફૂલની જેમ તલવાર પડી. બધા આશ્ચર્યચકિત થઈ ગયા. એ જ સમયે આકાશમાંથી દેવોએ તપસ્વી સુદર્શનની જયકાર બોલાવતા પુષ્પવૃષ્ટિ કરી સ્તુતિ કરી—"તપસ્વી તું ધન્ય છે. આજે સંસારમાં તમારા સમાન કોઈ પણ શ્રેષ્ઠ જિનભક્ત નથી. બ્રહ્મચર્યવ્રત અતુલનીય છે. તમારું હૃદય સુમેરું સમાન અચલ છે. તમે અખંડ બ્રહ્મચર્યથી એવું અલૌકિક કાર્ય કર્યું છે જેની ઉપમા ત્રિભુવનના ઇતિહાસમા નહીં મળે." દેવોએ પુષ્પવૃષ્ટિ કરી તથા શ્રદ્ધા ભક્તિથી તેમની પૂજા કરી! ત્યાં સેવકોએ મહારાજને તપસ્વી સુદર્શનના પ્રભાવનું વર્ણન કરી સંભળાવ્યું. મહારાજે વિલંબ ન કરતાં શીઘ્ર જ તપસ્વી પાસે પહોંચ્યા. તેમણે પોતાના અપરાધની ક્ષમા-યાચના કરી.

## [ સંસારત્યાગી તપસ્વી સુદર્શન ]

આ ઘટનાથી સુદર્શનના હૃદયમાં અત્યંત વિરકતભાવ ઉત્પન્ન થઈ ગયો. તેઓએ તુરંત પોતાના પુત્ર સુકાંતવાહન પર ઘરનો ભાર સોંપી, સંસારપૂજ્ય વિમલવાહન મહામુનિ પાસે જઈ દીક્ષા લીધી. મુનિરાજ સુદર્શને કઠોર તપસ્યા કરી ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. અંતમાં તેઓએ બધાને પરોપકારી કલ્યાણમાર્ગ બતાવીને અનંત સુખધામ એવા મોક્ષને પ્રાપ્ત કરી પરમાનંદ પ્રાપ્ત કર્યો.

[ —કથાકોષમાંથી ]

❀ હે જીવ! આત્મકલ્યાણને અર્થે કાંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડયા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે. (શ્રી આત્માનુશાસન)

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ધર્મોપકાર–પ્રતાપથી
વસઈરોડ નગરમાં સાનન્દ સુસંપન્ન પંચકલ્યાણકપૂર્વક

# શ્રી દિગંબર જિનબિંબ પ્રતિષ્ઠામહોત્સવ

[ તા. ૪-૨-૯૭ થી તા. ૧૧-૨-૯૭ ]

## * સદ્ધર્મવૃદ્ધિકર સફળ આયોજન *

ભારતવર્ષની વિશ્વપ્રસિદ્ધ મહાનગરી મુંબઈના ઉપનગરતુલ્ય 'વસઈ રોડ' નગરમાં, આપણા પરમ તારણહાર, અધ્યાત્મ યુગસ્રષ્ટા, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના તેમ જ તદ્દભક્ત પરોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બેનશ્રી ચમ્પાબેનના સદ્ધર્મવૃદ્ધિકર સાતિશય ધર્મોપકાર–સુપ્રતાપથી શ્રી ઉપનગર દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ ( મલાડ ) તથા શ્રી કુન્દકુન્દકહાન દિગમ્બર જૈન સંઘ ( વસઈ રોડ ) દ્વારા નવનિર્મિત અતિ ભવ્ય 'શ્રી મહાવીરસ્વામી તેમ જ ત્રિચૌવીસી દિગમ્બર જિનમન્દિર'ની તેમ જ પ્રતિષ્ઠાપિત થવાવાળા મૂળનાયક શ્રી જિનેન્દ્રદેવ શ્રી મહાવીરસ્વામી, શ્રી આદિનાથસ્વામી, શ્રી ભરત કેવળી, વીતરાગ મુનિવર શ્રી બાહુબલીસ્વામી તથા ભરતક્ષેત્રના ત્રિચોવીસી-જિન, ધાતકીખંડ ભાવિ વિદેહી જિન, વિધિનાયક શ્રી પાર્શ્વનાથ ઇત્યાદિ અનેક વીતરાગ ભાવવાહી અતિ મનોજ્ઞ જિનબિમ્બોની પાવન પ્રતિષ્ઠા નિમિત્તે અત્યાનંદ ઉલ્લાસસહ આયોજિત વિ. સં. ૨૦૫૩, પોષ વદ ૧૧, મંગળવાર, તા. ૪-૨-૯૭ થી મહા સુદ ૫, વસંતપંચમી મંગળવાર, તા. ૧૧-૨-૯૭—અષ્ટાહ્નિક શ્રી દિગમ્બર જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બેનશ્રી ચંપાબેન પ્રતિ શ્રદ્ધાભક્તિવંત દેશવિદેશના હજારો મુમુક્ષુઓના જિનેન્દ્ર–ભક્તિ–મહિમામય અતિ પ્રસન્ન વાતાવરણમાં સાનન્દોલ્લાસ સંપન્ન થયો હતો. બૃહદ્‌મુંબઈ, સોનગઢ, ભાવનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ. શિવપુરી ( મ. પ્ર. ), ખંડવા, કરેરા આદિ અનેક ગામોથી તથા નાયરોબી ( કેન્યા )થી ૫૦, લંડનથી ૨૦, અમેરિકા આદિ વિદેશથી એ રીતે કુલ ૮,૦૦૦ આઠ હજારથી અધિક મુમુક્ષુ આ મંગળ અવસરના લાભહેતુ 'વસઈ રોડ' પધાર્યા હતાં.

પંચકલ્યાણક જિનબિંબ પ્રતિષ્ઠોત્સવની વિધિના ક્રમ અનુસાર તા. ૪-૨-૯૭ના રોજ શાંતિજાપપ્રારંભ, મંડપપ્રતિષ્ઠા, શોભાયાત્રા સાથે વિધિ-અધ્યક્ષ ૧૦૦૮ પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠામંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાંદીવિધાન ( મંગલ કળશનું સ્થાપન ), અખંડ દીપપ્રદીપન, ધર્મધ્વજ આરોહણ, પંચપરમેષ્ઠી મંડલવિધાનપૂજા, તા. ૫-૨-૯૭ના રોજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ

સમક્ષ ) ગુરુઆજ્ઞા, ઇન્દ્ર પ્રતિષ્ઠા, ઇન્દ્રોની શોભાયાત્રા; તા. ૬-૨-૯૭ના રોજ યાગમંડલ પૂજા, ઘટયાત્રા, વેદી-મંદિર-કળશ-ધ્વજ-શિખરશુદ્ધિ આદિ શાસ્ત્રોક્તવિધિ ક્રમશઃ શરૂ કરીને રાત્રે વિધિનાયક ભગવાન શ્રી પાર્શ્વનાથના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા શરૂ થઈ હતી. આ સમયે આયોજિત જે અચ્યુતેન્દ્રસભા ઇન્દ્રસભા તથા શ્રી વિશ્વસેન મહારાજની રાજસભામાં ઉપસ્થિત વિભિન્ન નરેશોની જિનેન્દ્રમહિમાપૂર્ણ અધ્યાત્મતત્ત્વચર્ચા, મહારાણીની તત્ત્વગોષ્ઠી તથા જિનેન્દ્રભક્તિમય આનંદજનક વાતાવરણ એ બધું અદ્ભુત હતા, તા. ૭-૨-૯૭ના રોજ શાસ્ત્રોક્તવિધિ અનુસાર ક્રમશઃ સ્વપ્નદર્શન, ગર્ભકલ્યાણક; તા. ૮-૨-૯૭ના રોજ જન્મકલ્યાણક, સુમેરુપર્વત પાંડુકશિલા પર જન્માભિષેક, જન્મ-કલ્યાણકપૂજા, ઇન્દ્રો દ્વારા સ્તુતિ તથા તાંડવ નૃત્ય, પારણાઝૂલન, પાર્શ્વકુમારને યુવરાજ પદવીદાન તા. ૯-૨-૯૭ના રોજ વૈરાગ્યોત્પતિ, બારહભાવના-ચિંતન, લૌકાંતિક દેવો દ્વારા વૈરાગ્યની સરાહના, દીક્ષાકલ્યાણક શોભાયાત્રા, દિક્ષાગ્રહણવિધિ, ઇન્દ્રો દ્વારા દિક્ષાકલ્યાણક પૂજા, વૈરાગ્ય પ્રવચન, અંકન્યાસવિધિ; તા. ૧૦-૨-૯૭ના રોજ નવધાભક્તિપૂર્વક આહારદાન, ક્ષપકશ્રેણ્યારોહણના મંત્રસંસ્કાર ઇત્યાદિ તથા કેવળજ્ઞાનકલ્યાણક, સમવસરણ, રચના અને કેવળજ્ઞાનકલ્યાણકપૂજા, અન્ય દેશોમાં જિનવરવિહાર તથા દેશના; તા. ૧૧-૨-૯૭ના રોજ નિર્વાણકલ્યાણક સમારોપણના નિમિત્તે નિર્વાણભક્તિપાઠ ઇત્યાદિ તથા મૂળનાયક શ્રી મહાવીર સ્વામી, ખડગાસનસ્થ શ્રી આદિનાથ, ભરતકેવળી, મુનિવર બાહુબલિ તથા ભૂત, વર્તમાન, ભાવિ ત્રણ ચોવીશી જિનેન્દ્ર ( ૭૨ જિનબિમ્બ ) ઇત્યાદિ જિનવરોની મંગલ પ્રતિષ્ઠા, કલશધ્વજારોહણ, જિનવાણી પ્રતિષ્ઠા તથા શ્રી શ્રુતસ્કંધ, ભગવત્ કુંદકુંદાચાર્યદેવ, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સંગેમર્મર શિલાપટ પર ઉત્કીર્ણ ભવ્ય ચિત્રપટના અનાવરણ, શાંતિયજ્ઞ, પ્રતિષ્ઠા ઉત્સવની સમાપન શોભાયાત્રા ઉપરાંત દ્રવ્યદૃષ્ટિપ્રધાન સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચા ઇત્યાદિ ભક્તિભાવભીના અદ્ભુત દશ્યો જોઈને મુમુક્ષુસમુદાયને અંતરમાં એવો અનુભવ થતો હતો કે સમ્યગ્દર્શનની ઉત્પતિ માટે જિનાગમોમાં બાહ્ય સાધનના રૂપમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' ( પંચકલ્યાણકદર્શન ) કહ્યું છે એ વસ્તુતઃ સત્ય છે.

આ જિનબિંબ પંચકલ્યાણકની શાસ્ત્રોક્તવિધિ સોનગઢનિવાસી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ ઝોબાલિયા ( જૈન ) તથા વઢવાણનિવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહે કરાવી હતી. વાંકાનેરનિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠે વિધિવિધાનમાં પોતાનો સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની શુદ્ધ સંપૂર્ણ શાસ્ત્રોક્તવિધિ કુશળતાપૂર્વક તથા આહ્લાદકઢંગથી કરાવવામાં આ ત્રણ ભાઈઓએ સહૃદય પરિશ્રમ લીધો હતો.

શરૂઆતમાં પ્રત્યેક વિધિ પ્રતિષ્ઠાચાર્ય દ્વારા સંક્ષેપમાં સમજાવવામાં આવતાં પ્રેક્ષકોને

વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધા વિધિવિધાન નિશ્ચિત સમયમાં પૂર્ણ થઈ જતા હતા. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારી સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન અને જિનભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓને અનુભવાતો હતો.

પંચકલ્યાણક–પ્રતિષ્ઠાની મંગલ વિધિ દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ ( શ્રી જયસેનાચાર્ય ) પ્રણીત ' પ્રતિષ્ઠાપાઠ ' તથા માનનીય પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી, ઇન્દૌર દ્વારા સંકલિત ' પ્રતિષ્ઠા–પ્રદીપ 'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર કરાવવામાં આવી હતી.

આ મંગલ પ્રસંગે વિદ્વાન વાંચનકાર સર્વશ્રી સુરેશભાઈ સંઘવી, સુભાષભાઈ શેઠ, રાજુભાઈ કામદાર, હિમ્મતભાઈ ડગલી, નિરંજનભાઈ શાહ–સુરત, કાંતીભાઈ શાહ આદિના શાસ્ત્રપ્રવચનોનો પણ લાભ મળતો હતો. એ સિવાય નાના નાના બાળકો દ્વારા ભિન્ન ભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યા હતા. તા. ૧૦–૨–૯૭ના દિવસે રાત્રિ કાર્યક્રમમાં ' વસઈ રોડ 'ના સામાજિક મહાનુભાવોના સન્માનનું આયોજન કર્યું હતું અને એ આયોજનમાં આપણા નવનિર્મિત જિનમંદિરના ૬૦ ફૂટ પહોળા વિશાળ રોડના ' પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ ' નામાભિધાનનો પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો હતો જે પાસ થઈને તા. ૧૧–૨–૯૭ના ( પ્રતિષ્ઠાના ) દિવસે બપોરે ૧–૦૦ વાગે રોડ પર મોટું બોર્ડ લગાવીને, નગરપાલિકાના અધ્યક્ષ દ્વારા નામ અપાયું હતું. ઉપર્યુક્ત બધા કાર્યક્રમ પ્રાયઃ નિશ્ચિત સમય પર સંપૂર્ણ થયા હતા.

## * વિભિન્ન સભાઓનું તત્ત્વરસપૂર્ણ મનોહર આયોજન *

આ મંગળ પ્રતિષ્ઠોત્સવના વિધિવિધાનમાં સૌભાગ્યપૂર્ણ લાભ લેવાવાળા ઇન્દ્ર–ઇન્દ્રાણી તથા રાજા–રાણી વગેરે બધા પાત્ર યુવાન હતા. દરેક સભાઓની શોભા તથા વક્તવ્યની અભિવ્યક્તિ ખૂબ સુંદર હતી જે જોઈને પ્રેક્ષક ખૂબ પ્રમોદિત થતા હતા. ભગવાન શ્રી પાર્શ્વનાથનો પૂર્વભવ સહસ્રારેન્દ્રની સભા, સૌધર્મ આદિ ઇન્દ્રોની સભા તથા શ્રી વિશ્વસેન મહારાજાની રાજ્યસભાના મનોહર દ્રશ્યોની શોભાનું તો વર્ણન શું કરીએ? સહસ્રારેન્દ્ર ( પાર્શ્વનાથનો જીવ ) શીઘ્ર નરપર્યાય પામીને ઉગ્ર સંયમસાધના માટે તડપતો હતો. સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાન તથા તીર્થંકર મહિમાના મધુર વાર્તાલાપથી ઇન્દ્રસભા ભક્તિભાવભીના પ્રેક્ષકોના મન હરી લેતી હતી. વિશ્વસેન રાજદરબારના સભાસદ વિભિન્ન પ્રદેશોના નરેન્દ્રોની જિનેન્દ્ર મહિમાભીની તથા અધ્યાત્મતત્ત્વરસથી ભરપૂર ગોષ્ટી, મહારાણી બ્રહ્માદેવીની શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ આદિ અષ્ટ કુમારિકા દેવી, સખીઓની સાથે અનુભવરસપ્રધાન પ્રશ્નોત્તરમયી અધ્યાત્મવાર્તા તથા તેના દ્વારા નિર્મિત જિનેન્દ્રભક્તિમય આહ્‌લાદકારી મંગળ વાતાવરણ તે બધા અતિ અદ્‌ભુત હતા; તે બધા આનંદકારી દૃશ્યોને જોઈને વિશાળ મુમુક્ષુસમુદાય અતિ પ્રસન્ન થતા હતા. પાર્શ્વનાથ

જન્મજયંતિના દિવસે વિશ્વસેન રાજદરબારમાં શ્રી પાર્શ્વકુંવરને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટે માતૃસહજ-મમતાથી અનુરોધરૂપ પ્રસ્તાવનો પાર્શ્વકુમારે અંતરની ઊંડી વિરક્તિપૂર્વક જે અસ્વીકાર કર્યો તે સમયના વૈરાગ્યપ્રેરક વાર્તાલાપથી અનેક વૈરાગ્યપ્રેમી મુમુક્ષુ પ્રભાવિત થયા હતા. કેવળજ્ઞાન પ્રગટ થવાથી પાર્શ્વજિનવરના વિહારના સમયે વિભિન્ન નગરોમાં "તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર!" એ રીતે દરેક આત્માને પરમાત્મતત્ત્વની ઘોષણારૂપ દિવ્યદેશનાનું આયોજન પણ અનેક પ્રેક્ષકોને રુચિકર અનુભૂત થયું હતું.

## * ધાર્મિક સાહિત્ય તેમ જ ચિત્રપટનું વેચાણ *

આ શુભઅવસર પર ધાર્મિક સાહિત્ય તેમ જ ચિત્રપટના વેચાણનું આયોજન પણ રાખવામાં આવ્યું હતું. તેના માટે ડિસ્કાઉન્ટ પણ રાખવામાં આવ્યું હતું.

## * વિભિન્ન બોલીઓ દ્વારા ધનલાભ *

આ મંગલ પ્રતિષ્ઠોત્સવમાં બોલીમાં વિભિન્ન મહાનુભાવ દ્વારા સંસ્થાને લગભગ ૧,૪૦,૦૦,૦૦૦ (એક કરોડ ચાલીશ લાખ) રૂપિયાની આવક થઈ હતી. મંદિરનિર્માણ તેમ જ પ્રતિષ્ઠામહોત્સવનો ખર્ચ લગભગ ૪૦,૦૦,૦૦૦ (ચાલીસ લાખ) રૂપિયાનો થયો હતો.

આ મંગલ પ્રતિષ્ઠોત્સવમાં અનેક મુમુક્ષુમહાનુભાવને વિભિન્ન વિધિ દ્વારા અમૂલ્ય લાભ મળેલો જેમાનાં કેટલાક પ્રમુખ મહાનુભાવનો અહીં ઉલ્લેખ કર્યો છે:—

માતાપિતા—શ્રીમતી લાભકુંવરબેન તથા શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી-પરિવાર, મલાડ. ૧. સૌધર્મ-ઇન્દ્ર—શ્રી વિનોદકુમાર જેઠાલાલ શાહ તથા શ્રીમતી સુશીલાબેન વિનોદભાઇ શાહ-પરિવાર, નાઇરોબી (કેન્યા). ૨. ઈશાન-ઇન્દ્ર—શ્રી ગિરધરલાલ ઠાકરશીભાઇ મોદી-પરિવાર, મલાડ. ૩. સનતકુમાર-ઇન્દ્ર—શ્રી ઝવેરચંદ મેઘજીભાઇ-પરિવાર, લંડન. ૪. મહેન્દ્ર-ઇન્દ્ર—શ્રીમતી હીનાબેન વિજયકુમાર મોદી-પરિવાર, મલાડ. ૫. બ્રહ્મ-ઇન્દ્ર—શ્રી નેમચંદભાઇ દેવચંદભાઇ શાહ-પરિવાર, લંડન. ૬. લાન્તવ-ઇન્દ્ર—શ્રીમતી મીનાબેન જગદીશભાઇ બખાઇ-પરિવાર, નાઇરોબી (કેન્યા). ૭. મહાશુક્ર-ઇન્દ્ર—શ્રી વિનોદરાય કાનજીભાઇ કામદાર-પરિવાર, હા. શ્રી રાજુભાઈ, રાજકોટ. ૮. સહસ્રાર-ઇન્દ્ર—શ્રી વસંતલાલ ખીમચંદભાઈ તથા બહેન તારાબેન ખીમચંદભાઈ ઝોબાળિયા, સોનગઢ. ૯. આનત-ઇન્દ્ર—શ્રીમતી સોનલબેન મયુરભાઈ ખંધાર, હા. શ્રી અનિલભાઈ. ૧૦. પ્રાણત ઇન્દ્ર—શ્રી વિપુલભાઇ શાંતિલાલ મોદી, ઘાટકોપર. ૧૧. આરણ-ઇન્દ્ર—શ્રી અરવિન્દભાઇ ચુનીલાલ, હા. શ્રીમતી નયનાબેન, વસઇરોડ. ૧૨. અચ્યુત-ઇન્દ્ર—શ્રી પ્રફુલ્લાબેન રજનીભાઇ મહેતા, ઘાટકોપર. ૧૩. સૌધર્મ-પ્રતીન્દ્ર—શ્રી અનંતરાય શિવલાલ ગાંધી, હા.

મીનાબેન એ. ગાંધી. ૧૪. ઇશાન-પ્રતીન્દ્ર—શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, હા. નિજેશ જિતેન્દ્ર શાહ, ઘાટકોપર. ૧૫. સનતકુમાર-પ્રતીન્દ્ર—શ્રી વીરજીભાઇ ભીમજીભાઇ પટેલ, વસઈરોડ. ૧૬. મહેન્દ્ર-પ્રતીન્દ્ર—શ્રી ધીરૂભાઈ સવજીભાઇ પટેલ, વસઇરોડ. કુબેર—શ્રી રસિકલાલ અમરચંદભાઇ ડગલી, ઘાટકોપર.

### * વિશ્વસેન મહારાજાના રાજદરબારના સભાસદ *

મહામંત્રી—શ્રી પ્રફુલ્લભાઈ દેવચન્દ રાજા, નાઈરોબી ( કેન્યા ). રાજા—શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી-પરિવાર, હા. શ્રી દિલિપભાઈ, મલાડ. ૨. રાજા-શ્રી બાબુલાલ રતનશીભાઈ શાહ, હા. શ્રી દિલિપભાઈ, લંડન. ૩. શ્રી શ્રેયસભાઈ પ્રફુલ્લભાઈ રાજા, નાઈરોબી. ૪. રાજા—શ્રી દિપેનભાઈ હરિયા, નાઈરોબી, ( કેન્યા ). ૫. રાજા—શ્રી જયન્તીભાઈ કાળીદાસ, હા. શ્રીમતી સુશીલાબેન, નાઈરોબી. ૬. રાજા—શ્રી કસ્તૂરબેન માલદે, હા. શ્રી સુધીરભાઈ, નાઈરોબી. ૭. રાજા—શ્રી મહેન્દ્રકુમાર ધીરજલાલ મહેતા. ૮. રાજા—શ્રી દીપકભાઈ પ્રવીણભાઈ પારેખ, હા. શ્રી ગિરધરભાઈ મોદી. ૯. રાજા—શ્રી દેવાંગ રસિકલાલ ડગલી, ઘાટકોપર. ૧૦. રાજા—શ્રી નગીનદાસ હિમ્મતલાલ ડગલી, મલાડ. ૧૧. રાજા—શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, હા. શ્રી મનહરભાઈ. ૧૨ રાજા—શ્રી હિમ્મતલાલ ઉજમશીભાઈ જૈન, દાદર. ૧૩. રાજા—શ્રી દિનેશભાઈ દામોદરભાઈ મહેતા, અમરેલી. ૧૪. રાજા—શ્રી શાન્તિલાલ ખેતશીભાઈ મોદી, હા. શ્રી લીલાવન્તીબેન. ૧૫. રાજા—શ્રી ધનલક્ષ્મીબેન નગીનદાસ, ભાયાણી. ૧૬. રાજા—શ્રી અજય હસમુખલાલ દોશી, હૈદરાબાદ.

### * જલયાત્રા–સુવર્ણકલશ *

૧. શ્રી ધીરજબેન બાબુલાલ શાહ, હા. શ્રી મંજૂબેન, ઘાટકોપર.
૨. શ્રી સોનલબેન ગિરધરલાલ મોદી. મલાડ.
૩. શ્રી તારાબેન રતીલાલ શાહ, હા. શ્રી સુશીલાબેન, નાઈરોબી ( કેન્યા ).
૪. શ્રી કલ્પનાબેન શ્રેયસભાઈ, હા. શ્રી સરોજબેન રાજા, નાઈરોબી ( કેન્યા ).

### * જન્માભિષેક–સુવર્ણકલશ *

૧. શ્રીમતી રળીયાતબેન રાયચંદભાઈ દેવન શાહ, નાઈરોબી ( કેન્યા ). ૨. શ્રી હંસરાજભાઈ દેવરાજ શાહ, હા. શ્રી લલિતાબેન તથા મંજુબેન, નાઈરોબી. ૩. શ્રી કસ્તૂરબેન નથુભાઈ માલદે, હા. શ્રી ઉમેદભાઈ તથા સુધીરભાઈ, નાઈરોબી. ૪. શ્રી કિશોરભાઈ પ્રેમચંદભાઇ શાહ, નાઈરોબી. ૫. શ્રી ગિરધરલાલ ઠાકરશીભાઈ મોદી-પરિવાર, હા. શ્રી દિલિપભાઈ મલાડ. ૬. શ્રી બાબુભાઈ મહેતા, હા. શ્રી દિલિપભાઈ,

લન્ડન ૭. શ્રી કલાબેન હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ. ૮. શ્રી ભગવાનજીભાઈ કચરાભાઇ, હા. શ્રી સૂર્યકલાબેન લક્ષ્મીચન્દ શાહ, લંડન, ૯. શ્રીમતી સુશીલાબેન જયંતીલાલ શાહ, નાઇરોબી (કેન્યા).

## * જન્માભિષેક–રજતકલશ *

૧. શ્રી જયંતીલાલ ચિમનલાલ દોશી–પરિવાર. ૨. શ્રી જસવન્તરાય પાનાચંદ ડગલી પરિવાર. ૩. શ્રીમતી છાયાબેન દીપકકુમાર પારેખ, હા. શ્રી ગિરધરભાઇ મોદી. ૪. શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી. ૫. શ્રી રમાબેન ધનસુખલાલ શાહ. ૬. શ્રી નગીનદાસ હિમ્મતલાલ ડગલી–પરિવાર. ૭. શ્રી સુરેશભાઇ પટેલ, વસઈરોડ. ૮. શ્રી ભોગીલાલ લાલચંદ શેઠ. ૯. શ્રી કેશવલાલ ખીમચંદ શાહ, હા. શ્રી રમેશભાઇ.

૧. વિધિ–અધ્યક્ષ શ્રી મહાવીરસ્વામી. : શ્રી નેમચન્દભાઈ શાહ, નાઇરોબી

૨. અખણ્ડ–દીપપ્રદીપન : શ્રીમતી સુશીલાબેન જયન્તીલાલ શાહ, નાઇરોબી

૩. ધર્મધ્વજારોહણવિધિ : શ્રી હંસરાજભાઇ દેવરાજભાઇ શાહ, નાઈરોબી

## * પંચપરમેષ્ઠી–વિધાનના ઇન્દ્ર *

૧. શ્રી હસમુખલાલ મગનલાલ શાહ, અમેરિકા. ૨. શ્રી નેમચન્દભાઈ શાહ, નાઇરોબી. ૩. શ્રી હરિલાલ મોહનલાલ ટોળિયા, મલાડ. ૪. શ્રીમતી નયનાબેન અરવિન્દભાઈ શાહ, વસઈરોડ. ૫. શ્રી તારામતીબેન ખીમચન્દભાઈ જોબાલીયા, સોનગઢ.

તીર્થંકર મુનિરાજ શ્રી પાર્શ્વમુનિવરને પ્રથમ આહારદાન કરવાનું મહાન સૌભાગ્ય શ્રી કસ્તૂરબેન નથુભાઈ માલદે–પરિવાર (નાઇરોબી) ને પ્રાપ્ત થયું હતું.

## * શ્રી જિનમન્દિર–શિલાન્યાસ–અવસર પર *

શ્રી કુન્દકુન્દ–કહાન દિગમ્બર જૈનસંઘ, વસઈરોડ. શ્રી શાન્તિલાલ શાહ, હા. શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, સાયન. શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, અધ્યક્ષ—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢ. (હા. શ્રી રંભાબેન પોપટલાલ વોરા). શ્રી ચીમનલાલ ઠાકરશીભાઈ મોદી તથા શ્રી ગિરધરલાલ ઠાકરશીભાઈ મોદી, મલાડ. શ્રી છોટાલાલ કેશવજીભાઈ ભાયાણી–પરિવાર, હા. શ્રી મનહરભાઈ, શ્રી શાન્તિભાઇ, કાંદીવલી. શ્રી ભોગીલાલ લાલચન્દ શેઠ તથા સવાઇલાલ ત્ર્યંબકલાલ શાહ–પરિવાર. શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ, હા. શ્રી લક્ષ્મીચંદભાઇ શાહ, લંડન.

તદુપરાન્ત પ્રતિષ્ઠેય સર્વ જિનબિમ્બ તેમ જ ત્રિ–ચોવીસી (૭૨ જિનબિંબ)ના નિર્માણમૂલ્ય તથા પ્રતિષ્ઠાપનનો પણ અનેક મુમુક્ષુ પરિવારોએ લાભ લીધો હતો.

જેમાંના કેટલાક નીચે પ્રમાણે છેઃ—

| જિનબિંબ | નિર્માણમૂલ્યાર્પક | પ્રતિષ્ઠાપક |
|---|---|---|
| ૧. મૂળનાયક મહાવીરસ્વામી | શ્રી જગદીશભાઈ હરિભાઈ બખાઈ હા. મૌનાબેન, રસેશ, નિખિતા | શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી–પરિવાર |
| ૨. ત્રિચૌવિશી–કમલાસન | શ્રીમતી કનકબેન કિરીટભાઇ શાહ | |
| ૩. ખડ્ગાસન આદિનાથ | શ્રી જગદીશભાઇ હરિભાઈ બખાઇ હા. મીનાબેન, રસેશ, નિખિતા | શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી–પરિવાર |
| ૪. ભરત–કેવળી | શ્રી ભગવાનજીભાઇ કચરાભાઇ શાહ હા. શ્રી લક્ષ્મીચંદભાઇ, લંડન | શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી–પરિવાર |
| ૫. મુનિવર શ્રી બાહુબલી | શ્રી રસિકલાલ અમરચંદ ડગલી–પરિવાર | શ્રી રસિકલાલ અમરચંદ ડગલી–પરિવાર |
| ૬. વિધિનાયક પાર્શ્વનાથ | શ્રી બાબુભાઇ રતનશી, જીવરાજ મહેતા, હા. શ્રી દિલિપભાઇ | શ્રી બાબુભાઇ રતનશી જીવરાજ મહેતા–પરિવાર હા. શ્રી દિલિપભાઇ |
| ૭. ધાતકી-વિદેહ-ભાવિજિન | શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી–પરિવાર | ગિરધરલાલ ઠાકરશી મોદી–પરિવાર |
| ૮. સિદ્ધ ભગવાન | શ્રી અંજનભાઇ શાંતિલાલ શાહ | |

* ચિત્રપટ *

શ્રી કુન્દકુન્દ–વિદેહગમન : શ્રી હીનાબેન વિજયકુમાર મોદી

શ્રી કુન્દકુન્દાચાર્યદેવ : શ્રી રસિકલાલ અમૃતલાલ મહેતા

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી : શ્રી મહેશભાઈ મહેતા, ઘાટકોપર

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન : શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર

દીક્ષાકલ્યાણક પ્રસંગે વૈરાગ્ય–પ્રવચન બાદ ઘાટકોપર નિવાસી શ્રી રસિકલાલ હરિલાલ ધોળકીયા તેમ જ તેમના ધર્મપત્ની ઈન્દુબેન રસિકલાલ ધોળકીયાએ આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી.

[ તા. ૧૦-૩-૯૭ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'શ્રી સમયસાર' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

## 卐 ધાર્મિક શિક્ષણવર્ગ 卐

[ તા. ૧૭-૪-૯૭ થી તા. ૮-૫-૯૭ ]

અધ્યાત્મ વિદ્યાધામ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે ઉનાળાની રજાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૮મી જન્મજયંતી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૪-૯૭ થી તા. ૮-૫-૯૭ સુધી ધાર્મિક શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. લાભ લેનાર શિક્ષણાર્થીઓ માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

મુમુક્ષુમંડળના બાળકોને તેમ જ મહાનુભાવોને ધાર્મિક સંસ્કાર સમુપલબ્ધ બને તે હેતુએ પોતાના મંડળના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણ વર્ગમાં મોકલવા બધા મુમુક્ષુમંડળને અનુરોધ છે. —પ્રબંધક

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪ ૨૫૦ ( સૌરાષ્ટ્ર )

## વૈરાગ્ય સમાચાર :—

* તળાજાનિવાસી ( હાલ ભાવનગર ) શ્રી હસમુખરાય વનરાવન મહેતા ( —તે શ્રી કાનજીભાઈ લલ્લુભાઈ લાઠીવાળાના જમાઈ ) ( વર્ષ–૫૯ ) તા. ૩૦–૧–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે સરળ તથા દયાળુચિત્ત હતા.

* હૈદરાબાદનિવાસી શ્રી ધનજીભાઈ કેશવજીભાઈ ( વર્ષ–૯૮ ) તા. ૨–૨–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણા વર્ષો સુધી સોનગઢમાં સ્થાયી રહીને તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો.

* ખેરાગઢનિવાસી બ્ર. જમનાબેનના માતુશ્રી માડુબાઈ ઘેવરચંદ છાજેડ ( વર્ષ–૭૩ ) તા. ૩–૨–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વારંવાર સોનગઢ આવીને ઘણો લાભ લીધો હતો.

* મુંબઈનિવાસી શ્રી ડગલી રજનીકાંત દલીચંદભાઈ બોટાદવાળા તા. ૫–૨–૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી શાંતિભાઈ નંદુ ( તે શ્રી ડૉ. મધુરીબેનના પિતાશ્રી ) ( વર્ષ–૭૨ ) તા. ૨૦–૨–૯૭ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. *

## 卐 પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી 卐

* જુઓ એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા ! જુઓ તો ખરા ! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો....

—સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

વિંછીયા તેમ જ બોટાદના ડગલી-પરિવાર દ્વારા આયોજિત

સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો ૬૫મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણસ્વરૂપ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવીને જેમણે આપણા પર અનંત-અનંત ઉપકાર કર્યા છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની 'ધાતકીખંડ- વિદેહક્ષેત્રના ભાવિ-તીર્થંકરદ્રવ્ય' રૂપ સાતિશય મહિમા, સમ્યક્ત્વવિભૂષિત સમ્યક્ જાતિસ્મરણરૂપ દિવ્ય 'જ્ઞાનવૈભવ' દ્વારા પ્રકાશિત કરનાર ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની ૬૫મી 'સમ્યક્ત્વજયન્તી' આગામી તા. ૨-૪-૯૭, (ફાગણ વદ-૧૦) બુધવારના રોજ છે. આ મંગલ અવસર તા. ૨૯-૩-૯૭, શનિવારથી તા. ૨-૪-૯૭ બુધવાર—પાંચ દિવસ સુધી 'શ્રી ચોસઠઋદ્ધિમંડલ વિધાનપૂજા' વીતરાગ-તત્ત્વજ્ઞાનોપાસના તેમ જ દેવ-ગુરુ- સમ્યક્ત્વભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ 'સમ્યક્ત્વજયંતી સમારોહ'ના રૂપમાં અત્યાનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે.

આ મંગળ મહોત્સવમાં પધારવાથી આપ સર્વને વિશાળ જિનાયતનોમાં બિરાજમાન વીતરાગ ભાવવાહી ભવ્ય જિનબિંબોના દર્શન-પૂજન-ભક્તિનો, ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજાનો, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચનોનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા તથા વિડિયો-તીર્થયાત્રા દ્વારા ગુરુદર્શનો અનુપમ લાભ મળવા ઉપરાંત વિદ્વાનોના શાસ્ત્ર-પ્રવચનો તેમ જ પ્રાસંગિક સાંસ્કૃતિક કાર્યક્રમ આદિનો વિશેષ લાભ પ્રાપ્ત થશે. માટે સમ્યદર્શનની મહિમાના આ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે.

C/o. શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)
Phone : (02846) 44334

નિમંત્રક—
વિંછીયા તેમ જ બોટાદનો સમસ્ત ડગલી પરિવાર

## ❀ વિકારનો માત્ર જ્ઞાતા જ રહે તે જ્ઞાની ❀

આત્મા જ્ઞાયક ને પર જ્ઞેય એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ હોવા છતાં જ્ઞેય તે આત્માનું વ્યાપ્ય નથી. જ્ઞેય સંબંધીના જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત હોવા છતાં જ્ઞેય આત્માનું વ્યાપ્ય અર્થાત્ કાર્ય નથી. એ રીતે જ્ઞાન તે જ જ્ઞાતાનું કર્મ છે—આમ વિકારાદિ પુદ્‌ગલપરિણામનો માત્ર જ્ઞાતા જ રહે છે તે જ્ઞાની છે.

— સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી. દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without Prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ]